# <u>અધિસુચન</u>

## ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬
## ગુજરાત નગર રચનાં અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯, નિયમ-૨૬(૯)
## નગર રચના યોજના સુરત નં.૨૪ (ડુંકી)

### પ્રારંભિક યોજના

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯, નિયમ-૨૬(૯) અનુસાર નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬-ની કલમ-૫૨ ની પેટા કલમ(૧)ની જોગવાઈ મુજબ મેં આજરોજ તા: ૧૨/૮/૨૦૦૫ ને શુક્રવાર ના રોજ નગર રચના અધિકારી તરીકેના પ્રારંભિક યોજના અંગેના મારા નિર્ણયો **જાહેર કર્યા છે.**

સદરહુ નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૨(૨) તેમજ કલમ-૬૪ ની જોગવાઈઓ અનુસાર, સદર પ્રારંભિક યોજના સરકારશ્રીમાં સાદર કરવામાં આવી રહેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૫૨(૨) ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯, નિયમ-૨૬(૯) હેઠળ આવશ્યક છે, તે મુજબ નગર રચના યોજનામાં સમાવિષ્ટ કરેલ સંબંધિત જમીન માલિકોને, તેમની મિલ્કત અંગે નગર રચના અધિકારી તરીકેના મારા નિર્ણયોની એક નકલ (ઉતારો) મોકલવામાં આવી રહેલ છે.

ઉપરોકત યોજનાની એક નકલ તમામ માહિતી, નિર્ણયો અને નકશાઓ સાથે રજાના દિવસો સિવાયના તમામ દિવસોએ કચેરી સમય દરમ્યાન, નગર રચના અધિકારીશ્રીની કચેરીમાં નીચેના સરનામે જોવા મળી શકશે. આ યોજના સમજાવવા જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે.

સુરત.
તારીખ: ૧૨/૮/૨૦૦૫

(પી.વી.પી.સી.પ્રસાદ)
નગર રચના અધિકારી
નગર રચના યોજના સુરત નં.૨૪(ડુંકી)

સરનામું:

નગર રચના અધિકારીશ્રી ની કચેરી,
એસ.એમ.સી.એકમ-૧,
વોર્ડ નં.૫ ની ઓફિસ, ત્રીજો માળ,
ભાજીવાળી પોળ,
કાંસકીવાડ, ભાગળ, સુરત.